# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24-01-2026** **Morning: 7.45 TO 7.55 AM**
**Day : SATURDAY** **National News**

**નમસ્કાર, આકાશવાણી (ઓપનિંગ ટ્યુન)**

**સમાચાર જયેશ વેગડા વાંચે છે.**

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વીડિયો કોન્ફરન્સ દ્વારા હજારથી 61 મા રોજગાર મેળામાં18 વધુ નવનિયુક્ત યુવાનોને નિમણૂક પત્રો એનાયત કરશે.
2) કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે લખનઉમાં ઉત્તરપ્રદેશ દિવસ ઉજવણીમાં મુખ્ય અતિથિ તરીકે સભાને સંબોધિત કરશે.
3) ચૂંટણી પંચે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય ચૂંટણી અધિકારીઓને કોઈપણ ભૂલ માટે બૂથ લેવલ અધિકારીઓ સામે શિસ્તભંગના પગલાં લેવાનો નિર્દેશ આપ્યો.
4) બાંગ્લાદેશના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી શેખ હસીનાએ જણાવ્યું છે કે બાંગ્લાદેશ અરાજકતા , અસુરક્ષા અને લઘુમતીઓ પરના અત્યાચારનો સામનો કરી રહ્યું છે.
5) ટેબલ ટેનિસમાં માનુષ શાહ અને દિયા ચિતાલેએ ઓમાનમાં WTT કન્ટેન્ડર મસ્કટ 2026 માં મિશ્ર ડબલ્સનો ખિતાબ જીત્યો.
6) T20 ક્રિકેટ શ્રેણીની બીજી મેચમાં ભારતે ન્યૂઝીલેન્ડને સાત વિકેટથી પરાજય આપ્યો

***************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# MOR PM-ROZGAR MELA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વીડિયો કોન્ફરન્સ દ્વારા 18મા રોજગાર મેળામાં વિવિધ સરકારી વિભાગો અને સંગઠનોમાં 61 હજારથી વધુ નવા ભરતી થયેલા યુવાનોને નિમણૂક પત્રો આપશે. આ પ્રસંગે તેઓ યુવાનોને સંબોધન પણ કરશે.

18મો રોજગાર મેળો દેશભરમાં 45 સ્થળોએ યોજાઈ રહ્યો છે. આ નવનિયુક્ત યુવાનોને ગૃહ મંત્રાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય , નાણાકીય સેવાઓ વિભાગ, ઉચ્ચ શિક્ષણ વિભાગ અને અન્ય વિભાગોમાં ભરતી કરવામાં આવશે.

રોજગાર સર્જન માટેની સરકારની મુખ્ય પહેલ , રોજગાર મેળામાં અત્યાર સુધીમાં દેશભરમાં 11 લાખથી વધુ નિમણૂક પત્રો જારી કરવામાં આવ્યા છે.

. . . . . . . . . .

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 130મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક , આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

. . . . . . . . . . . . . . . . . . . .

# SHAH-UP DAY

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે લખનઉમાં ઉત્તરપ્રદેશ દિવસ ઉજવણીમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે અને સભાને સંબોધિત કરશે. આ કાર્યક્રમ રાષ્ટ્રીય પ્રેરણા સ્થળ ખાતે યોજાઈ રહ્યો છે.

આ પ્રસંગે શ્રી શાહ એક જિલ્લો એક ભોજન યોજનાનો શુભારંભ કરશે. આ પહેલ રાજ્યના દરેક જિલ્લામાંથી પરંપરાગત ભોજનને ઓળખશે અને ગુણવત્તામાં વધારો , બ્રાન્ડિંગ અને બજાર સુલભતા પ્રદાન કરશે. જેનો ઉદ્દેશ્ય સ્થાનિક ભોજનને પ્રાદેશિક વિસ્તાર સુધી મર્યાદિત રાખવાને બદલે રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે માન્યતા આપવાનો છે.

ગૃહમંત્રી આ કાર્યક્રમ દરમિયાન સરદાર પટેલ ઔદ્યોગિક ક્ષેત્ર કાર્યક્રમનો પણ શુભારંભ કરશે. તેઓ ઉત્તરપ્રદેશ સરકારની મુખ્યમંત્રી યુવા ઉદ્યોગસાહસિક વિકાસ યોજના હેઠળ શ્રેષ્ઠતા પ્રાપ્ત કરનારા જિલ્લાઓને પુરસ્કારો પ્રદાન કરશે. તેઓ આ પ્રસંગે ઉત્તરપ્રદેશ ગૌરવ સન્માન 2025-26 પણ પ્રદાન કરશે.

. . . . . . . . .

# SCINDIA-TRIPURA

પૂર્વોત્તર ક્ષેત્ર વિકાસ મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ ગઈકાલે ત્રિપુરામાં 365 કરોડના આઠ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. આ પ્રોજેક્ટ્સમાં 270 કરોડના પાંચ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને 95 કરોડના ત્રણ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ્સનો ઉદ્દેશ્ય આદિવાસી અને દૂરના વિસ્તારોમાં રોડ કનેક્ટિવિટી, વીજળીની પહોંચ અને આજીવિકામાં સુધારો કરવાનો છે.

શ્રી સિંધિયાએ જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ્સ ત્રિપુરાને સારી રીતે સંપર્ક સુવિધાયુક્ત, સ્પર્ધાત્મક અને ટકાઉ રીતે વિકસિત રાજ્યમાં રૂપાંતરિત કરવાના પ્રયાસનો એક ભાગ છે.

. . . . . . . . . .

# ECI-BLO DIRECTION

ચૂંટણી પંચે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય ચૂંટણી અધિકારીઓને કોઈપણ ભૂલ માટે બૂથ લેવલ અધિકારીઓ સામે શિસ્તભંગના પગલાં લેવાનો નિર્દેશ આપ્યો છે. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે ફરજમાં બેદરકારી , ભૂલ, કમિશનની સૂચનાઓનું ઇરાદાપૂર્વક પાલન ન કરવું , અથવા લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, 1950 અને મતદારો નોંધણી નિયમો, 1960 ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરવા બદલ સસ્પેન્શન સહિત કડક કાર્યવાહી કરવામાં આવશે.

પત્રમાં વધુમાં જણાવાયું છે કે BLO દ્વારા કોઈપણ ભૂલ જે મતદાર યાદીની પ્રામાણિકતા અથવા વિશ્વસનીયતાને અસર કરે છે તેના પર કડક કાર્યવાહી કરવામાં આવશે. ફોજદારી ગેરવર્તણૂક માટે FIR પણ દાખલ કરી શકાય છે.

. . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો .
આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . .

# HASINA-BANGLADESH

બાંગ્લાદેશના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી શેખ હસીનાએ જણાવ્યું છે કે બાંગ્લાદેશ અરાજકતા, અસુરક્ષા અને લઘુમતીઓ પરના અત્યાચારનો સામનો કરી રહ્યું છે. દેશભરમાં ટોળાની હિંસા અને ઉગ્રવાદ વ્યાપક છે.

ગઈકાલે સાંજે નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદ દરમિયાન આપેલા ઓડિયો સંદેશમાં શેખ હસીનાએ જણાવ્યું હતું કે બાંગ્લાદેશ હાલમાં તેના ઇતિહાસના સૌથી ખતરનાક સમયનો સામનો કરી રહ્યું છે. તેમણે મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓ દ્વારા લોકશાહીની પુનઃસ્થાપના , હિંસા અને અરાજકતાનો અંત લાવવા અને જાહેર સેવાઓના સુગમ સંચાલન માટે હાકલ કરી હતી.

તેમણે ધાર્મિક લઘુમતીઓ, મહિલાઓ અને સમાજના નબળા વર્ગોની સલામતી સુનિશ્ચિત કરવા અને વિરોધી પક્ષોને ધમકાવવા અને ડરાવવાનો અંત લાવવા હાકલ કરી હતી. તેમણે ગયા વર્ષની ઘટનાઓની નિષ્પક્ષ તપાસ કરવા માટે સંયુક્ત રાષ્ટ્રને પણ વિનંતી કરી હતી. તેમણે લોકશાહી પુનઃસ્થાપિત કરવા માટે બાંગ્લાદેશના નાગરિકોને જાહેર સમર્થન માટે અપીલ કરી હતી.

. . . . . . . . .

# PRAGATI SPECIAL STORY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2015 માં પ્રગતિ પહેલ પ્લેટફોર્મ શરૂ કર્યું હતું. પ્રધાનમંત્રી દ્વારા સીધી સમીક્ષા દ્વારા, પ્રગતિએ મુખ્ય પ્રોજેક્ટ્સ અને જાહેર ફરિયાદોનું વાસ્તવિક-સમયનું નિરીક્ષણ અને નિરાકરણ સુનિશ્ચિત કરીને શાસનમાં નોંધપાત્ર પરિવર્તન લાવ્યું છે.

આ ખાસ શ્રેણીમાં અમારા સંવાદદાતા આજે છત્તીસગઢમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ 30 ના રાયપુર-કોડેબોડ વિભાગના ચાર-લેનિંગ પર અહેવાલ આપે છે.

(વોઈસ કાસ્ટ – સક્લેન અખ્તર)

. . . . . . . . . . .

# TABLE TENNIS

ટેબલ ટેનિસમાં માનુષ શાહ અને દિયા ચિતાલેએ ગઈકાલે ઓમાનમાં WTT કન્ટેન્ડર મસ્કટ 2026 માં મિશ્ર ડબલ્સનો ખિતાબ જીત્યો.

આ જોડીએ ફાઇનલમાં ચીનના હુઆંગ યુઝેંગ અને શી શુન્યાઓને 3-2 થી હરાવીને WTT કન્ટેન્ડર ઇવેન્ટમાં તેમનો બીજો મિશ્ર ડબલ્સ ટાઇટલ જીત્યો.

WTT કન્ટેન્ડર ઇવેન્ટ ખેલાડીઓને ઉચ્ચ-સ્તરીય ચેમ્પિયન્સ અને ગ્રાન્ડ સ્મેશ ઇવેન્ટ્સ માટે ક્વોલિફાય કરવામાં મદદ કરે છે.

. . . . . . . . . . . . . . . . . . .

# CRICKET-T20

T20 ક્રિકેટ શ્રેણીની ગઈકાલે રાયપુરમાં રમાયેલી બીજી મેચમાં ભારતે ન્યૂઝીલેન્ડને સાત વિકેટથી પરાજય આપ્યો છે.

ભારતે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો. પ્રથમ બેટિંગ કરતા ન્યૂઝીલેન્ડે નિર્ધારિત 20 ઓવરમાં છ વિકેટે 208 રન બનાવ્યા. જવાબમાં, ભારતે 15 ઓવર અને 2 બોલમાં ત્રણ વિકેટે 209 રન બનાવીને વિજયનો લક્ષ્યાંક હાંસલ કર્યો. કેપ્ટન સૂર્યકુમાર યાદવે અણનમ 82 રન જ્યારે ઇશાન કિશને 32 બોલમાં 76 રન કર્યા. તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

ભારત પાંચ મેચની શ્રેણીમાં 2-0થી આગળ છે. શ્રેણીની ત્રીજી મેચ આવતીકાલે ગુવાહાટીમાં રમાશે.

. . . . . . . . .

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના અખબારોમા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની કેરળ- તામિલનાડુ મુલાકાત અને WHOમાથી અમેરિકા બહાર સહિતના સમાચારો મુખ્ય શીર્ષકમાં વાંચવા મળી રહ્યા છે.
- સંદેશે DMK:CMC એટલે કરપ્શન ,માફિયા,ક્રાઇમની સરકાર પ્રધાનમંત્રીના આ નિવેદનને મુખ્ય શીર્ષક બનાવ્યું છે.
- ફૂલછાબ લખે છે – ગુજરાત જેમ જ કેરળમાં જીતીશું: મોદી
- નવગુજરાત સમયે વિશ્વ આરોગ્ય સંસ્થાને નકામી ગણાવી ટ્રમ્પે છેડો ફાડયો આ સમચારને હેડલાઇનમાં લીધા છે.
- મોટાભાગના અખબારોએ ઉત્તર ભારતમાં વરસાદ અને હિમવર્ષાના સમાચારને પહેલા પાને સ્થાન આપ્યું છે.
- ગુજરાત સમાચારે સરકારી ટેકનિકલ કોલેજોમાં અપૂરતો સ્ટાફ:રિપોર્ટ છતા પગલાં નહીં આ સમાચારને સ્થાનિક પાને સ્થાન આપ્યું છે.
- વર્ગ 3ની ભરતી માટે CCE પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર આ સમચારને વિવિધ અખબારોએ આવરી લીધા છે.

. . . . . . . . . . . . . . .